ઈરાને વર્લ્ડકપની શરૂઆત ન્યૂઝીલેન્ડ સામે ડ્રો સાથે કરી

ફિફા વર્લ્ડકપમાં શરૂઆતની ટીમમાં રમનાર સરપ્રીત ભારતીય મૂળનો પ્રથમ ખેલાડી

બે દિવસ પહેલા ઓસ્ટ્રેલિયા વતી રમનાર વેલુપિલ્લાઇ શરૂઆતમાં નહીં પણ સબસ્ટીટ્યૂટ તરીકે રમ્યો હતો

નવી દિલ્હી, તા. 16 : ન્યુઝીલેન્ડનો મિડફિલ્ડર સરપ્રીત સિંહ વર્લ્ડકપ મેચમાં શરૂઆતની પ્લેઈંગ ટીમમાં રમનારો ભારતીય મૂળનો પ્રથમ ફૂટબોલર બન્યો છે. ઈરાન સામેની 2-2ની ડ્રોમાં સરપ્રીત ન્યુઝીલેન્ડની શરૂઆતની પ્લેઈંગ ટીમનો ભાગ હતો. ઓકલેન્ડમાં પંજાબી માતાપિતાના ઘરે જન્મેલા, 27 વર્ષીય સરપ્રીતે આ મેચથી વર્લ્ડકપમાં પ્રવેશ કર્યો અને તેના પ્રદર્શનથી પ્રભાવિત કર્યા. ન્યુઝીલેન્ડના મુખ્ય કોચ ડેરેન બીઝલીએ તેને શરૂઆતની ટીમમાં સામેલ કર્યો, અને તે લગભગ આખી મેચ રમ્યો. 90મી મિનિટે તેની જગ્યાએ એક સબસ્ટીટ્યૂટ ખેલાડીને લેવામાં આવ્યો. ૧૦ નંબરની જર્સી પહેરીને, સરપ્રીતે ઈરાની ગોલ પર ત્રણ શોટ લીધા, પરંતુ તે ઈરાની ગોલકીપરને હરાવી શક્યો નહીં.

બે દિવસ પહેલા, ઓસ્ટ્રેલિયા માટે રમતા ભારતીય મૂળના અન્ય ખેલાડી નિશાન વેલુપિલ્લાઈએ કેનેડાના વાનકુવરમાં તુર્કી સામેની તેમની ટીમની 2-0થી જીત સાથે વર્લ્ડ કપમાં પ્રવેશ કર્યો હતો. 25 વર્ષીય વિંગરને શરૂઆતના અગિયારમાં સામેલ કરવામાં આવ્યો ન હતો અને 60મી મિનિટે અવેજી ખેલાડી તરીકે મેદાનમાં ઉતર્યો હતો.

એલિજાહ જસ્ટે બે વાર ન્યુઝીલેન્ડને આગળ કર્યું પણ ઇરાને બંને વાર વાપસી કરી મેચ 2-2થી ડ્રો કરી

ઈંગલવુડ, તા. 16 (એપી) : ફિફા વર્લ્ડકપના ગ્રુપ જીની અહીં રમાયેલી એક મેચમાં અમેરિકા સાથેના યુદ્ધને કારણે તણાવપૂર્ણ પરિસ્થિતિઓમાં રમવા ઉતરેલા ઈરાને બે વાર પાછળ રહ્યા પછી વાપસી કરીને મેચ 2-2થી ડ્રો કરીને ન્યુઝીલેન્ડને વિજયથી વંચિત રાખ્યું હતું.

રાજકીય પરિસ્થિતિઓને કારણે, ઈરાની ટીમ વર્લ્ડકપ માટે અપેક્ષિત તૈયારીઓ કરી શકી ન હતી, પરંતુ તેના ખેલાડીઓએ પોતાનો ઉત્સાહ અને જુસ્સો જાળવી રાખીને 64મી મિનિટે મોહમ્મદ મોહેબીના ગોલથી બરાબરી કરી.

બંને હાફની શરૂઆતમાં ન્યુઝીલેન્ડ માટે એલિજાહ જસ્ટ 7મી અને 54મી મિનિટે ગોલ કર્યા, પરંતુ ઈરાને બે ગોલ કરીને ઓલ વ્હાઈટ્સને વર્લ્ડકપ ઈતિહાસમાં તેમની પ્રથમ જીતથી વંચિત રાખ્યું. રમીન રેઝાઈયાને 32મી મિનિટે ઈરાનનો પહેલો ગોલ કર્યો અને પછી 64મી મિનિટે મોહેબીના ગોલમાં સહાયકની ભૂમિકા ભજવી.

ન્યૂઝીલેન્ડે સારું પ્રદર્શન કર્યું, છેલ્લા બે વર્લ્ડકપમાં કરેલા કુલ ગોલની બરાબરી કરી, ફિફા રેન્કિંગમાં 65 સ્થાન ઉપર રહેલી ટીમ સામે શાનદાર પ્રદર્શન કર્યું. સાતમી મિનિટમાં ન્યૂઝીલેન્ડના કેપ્ટન ક્રિસ વુડે ગોલ કિકને બ્લોક કરીને બોલ જસ્ટને પાસ કર્યો, જેણે ઘણા ડિફેન્ડર્સને ચાતરીને સુંદર ગોલ કરી બધાને અચરજ પમાડ્યું હતું. 32મી મિનિટે રેઝાઈયાને ગોલ કરીને ઈરાને બરાબરી કરી. 54મી મિનિટે વુડની મદદથી ફરી ગોલ કર્યો. વુડે જસ્ટને શાનદાર પાસ આપ્યો અને તેણે ગોલમાં રૂપાંતરિત કરવામાં કોઈ ભૂલ કરી નહીં. પરંતુ ઈરાને 64મી મિનિટે રેઝાઈયાનના લાંબા પાસ પર મોહેબીએ હેડ કરીને બરાબરી કરી.

ત્યારબાદ બંને ટીમોને ગોલ કરવાની તક મળી પરંતુ તેનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યા. ઈરાન સતત સાતમી વખત વર્લ્ડ કપમાં ભાગ લઈ રહ્યું છે જ્યારે ન્યુઝીલેન્ડ 2010 પછી પહેલી વાર વર્લ્ડકપ માટે ક્વોલિફાય થયું છે.

યુદ્ધના કારણે અપૂરતી તૈયારી સાથે ઇરાન વર્લ્ડકપમાં ભાગ લેવા ઉતર્યું

28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર હુમલો કર્યા પછી, ઇરાનની ટીમ વર્લ્ડ કપ માટે પૂરતી તૈયારી કરી શકી નહીં. ટુર્નામેન્ટ દરમિયાન ઈરાને પોતાનો તાલીમ આધાર એરિઝોનાથી તિજુઆના, મેક્સિકો ખસેડ્યો. ટીમ દરેક મેચના એક દિવસ પહેલા યુનાઇટેડ સ્ટેટ્સ પહોંચે છે અને પછી તરત જ મેક્સિકો પરત ફરે છે. કેપ્ટન મેહદી તારેમીએ સ્વીકાર્યું કે આ વર્લ્ડ કપનો અનુભવ તેના અને તેના સાથી ખેલાડીઓ માટે સુખદ રહ્યો નથી.

વિદેશી ઇરાનીઓએ રાષ્ટ્રગીત દરમિયાન મેદાન તરફ પીઠ ફેરવી

ઈરાને લોસ એન્જલસ નજીક સોફી સ્ટેડિયમમાં સમર્થકોની મોટી ભીડ સામે ટુર્નામેન્ટની શરૂઆત કરી, જે નોંધપાત્ર ઈરાની-અમેરિકન વસ્તી ધરાવતું શહેર છે. સેંકડો ઈરાની અમેરિકનોએ સ્ટેડિયમની બહાર વિરોધ પ્રદર્શન કર્યું, જ્યારે ઘણા વિદેશી ઈરાનીઓએ રાષ્ટ્રગીત દરમિયાન મેદાન તરફ પીઠ ફેરવી લીધી. પરંતુ એકવાર મેચ શરૂ થઈ, લગભગ દરેક જણ ઈરાની ખેલાડીઓને ટેકો આપતા જોવા મળ્યા.

મેચ બાદ ઈરાનની ટીમને તાત્કાલિક અમેરિકા છોડવા આદેશ : કોચનો દાવો

ઈંગલવુડ, તા. 16 : ઈરાનની વર્લ્ડ કપ ટીમના કોચે જણાવ્યું છે કે, સોમવારે રાત્રે ન્યૂઝીલેન્ડ સામે 2-2થી રોમાંચક ડ્રો સાથે પોતાના રાજકીય તણાવથી ભરેલા અભિયાનની શરૂઆત કર્યાના ગણતરીના કલાકોમાં જ તેમની ટીમને અમેરિકા છોડીને મેક્સિકોમાં આવેલા તેમના ટ્રેનિંગ બેઝ પર પાછા ફરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કોચ અમીર ઘાલેનોઈ એ સ્પષ્ટ નથી કર્યું કે ઈરાનની ટીમને નિર્ધારિત સમય કરતાં વહેલા જવાનો આદેશ કોણે આપ્યો હતો. ટીમ પોતાની પ્રથમ મેચ પછી ખેલાડીઓના શારીરિક રિકવરીની સામાન્ય પ્રક્રિયા માટે કેલિફોર્નિયામાં રાત વિતાવવાની અપેક્ષા રાખતી હતી. પરંતુ મેચ પૂરી થતાં જ તેમને કહેવામાં આવ્યું કે દરેક સભ્યએ તાત્કાલિક પ્લેનમાં બેસીને 140 માઈલ દૂર તિજુઆના (મેક્સિકો) જવા રવાના થવું પડશે. દુભાષિયા દ્વારા વાત કરતા ઘાલેનોઈએ કહ્યું, તેમણે અમને રિકવરી માટેનો સમય પણ ન આપ્યો. ઈરાનના કેપ્ટન મેહદી તારેમીએ જણાવ્યું કે, રવિવારે તિજુઆનાથી લોસ એન્જલસ સુધીની સામાન્ય રીતે ખૂબ જ ટૂંકી મુસાફરી દરમિયાન ટીમે પાંચ કલાક સુધી પ્રવાસ અને કડક સિક્યુરિટી ચેકિંગનો સામનો કરવો પડ્યો હતો.

અફઘાનિસ્તાન સામે આજે બીજી વનડે કુલદીપ, જયસ્વાલને તક મળી શકે

વોશિંગ્ટન સુંદર બીજી વન ડે પણ રમશે તેથી હર્ષ દુબેના સ્થાને કુલદીપનો સમાવેશ થઇ શકે

બપોરે 1.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

લખનૌ, તા. 16 (પીટીઆઈ) : ભારતીય ટીમ મેનેજમેન્ટ આગામી વર્ષે યોજાનાર વનડે વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને અલગ અલગ સંયોજનો અજમાવવા માંગે છે અને તેથી આવતીકાલે બુધવારે અહીં રમાનારી અફઘાનિસ્તાન સામેની બીજી વનડેમાં કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલને રમવાની તક મળી શકે છે.

ધર્મશાલામાં વરસાદથી પ્રભાવિત મેચમાં આસાન જીત મેળવ્યા બાદ ભારતે ત્રણ મેચની સીરિઝમાં 1-0થી સરસાઈ મેળવી લીધી છે, અને બીજી મેચમાં જીત તેમને અજેય સરસાઈ અપાવશે. જોકે, ભારતીય ટીમ તેનાથી આગળ જોઈ રહી છે. ભારતે વર્લ્ડકપ પહેલા લગભગ બે ડઝન મેચ રમવાની છે, અને ટીમ મેનેજમેન્ટે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તે વિવિધ સંયોજનો અજમાવશે. આ સંદર્ભમાં અફઘાનિસ્તાન સામેની વર્તમાન સીરિઝ મહત્વપૂર્ણ છે.

કુલદીપનું તાજેતરનું ફોર્મ સારું રહ્યું નથી, પરંતુ તેના અનુભવને જોતાં, તેને તક આપી શકાય છે કારણ કે તે મધ્ય ઓવરોમાં રમત પર નિયંત્રણ જાળવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ડાબોડી સ્પિનર દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ સામેની ઘરઆંગણે શ્રેણીમાં નિયમિતપણે રમ્યો હતો, પરંતુ ત્યારથી તેનું ફોર્મ ઘટ્યું છે. મુખ્ય કોચ ગૌતમ ગંભીર બહુમુખી પ્રતિભા ધરાવતા ક્રિકેટરોને પ્રાથમિકતા આપે છે. તેઓ ઓલરાઉન્ડરોની બેટિંગ ક્ષમતાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, અને તેથી, સ્પિન ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરનો ટીમમાં સમાવેશ નિશ્ચિત છે. આનો અર્થ એ થયો કે કુલદીપ હર્ષ દુબેનું સ્થાન લઈ શકે છે, જેણે છેલ્લી મેચમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો અને ત્રણ વિકેટ લીધી હતી. સ્પિન બોલિંગ અફઘાનિસ્તાનની સૌથી મોટી તાકાત છે, પરંતુ રાશિદ ખાન, એએમ ગઝનફર અને મોહમ્મદ નબીની ત્રિપુટી ધર્મશાલામાં ભારતીય બેટ્સમેનોને વધુ મુશ્કેલીમાં મુકવામાં નિષ્ફળ ગઈ. લખનૌની પિચ તેમના માટે વધુ અનુકૂળ હોઈ શકે છે.

મહિલા વર્લ્ડકપ : ભારત નેધરલેન્ડ્સ સામે બેટિંગની ધાર તિક્ષ્ણ કરવા માગશે

પાકિસ્તાન સામે મંધાના અને ઋચા સિવાયના બેટરો નિષ્ફળ રહ્યા હતા, તેમણે પ્રદર્શન સુધારવું પડશે

સાંજે સાત વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

લીડ્સ, તા. 16 (પીટીઆઈ) : મહિલા ટી-20 વર્લ્ડકપમાં પોતાની પ્રથમ મેચમાં પાકિસ્તાન સામે શાનદાર જીતથી ઉત્સાહિત ભારતીય ટીમ આવતીકાલે બુધવારે અહીં નેધરલેન્ડ્સ સામેની બીજી ગ્રુપ મેચમાં વધુ સારું બેટિંગ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. પાકિસ્તાન સામેની પહેલી મેચમાં, સ્મૃતિ મંધાનાએ ટોપ ઓર્ડરમાં સારી બેટિંગ કરી હતી અને ઋચા ઘોષે નીચલા ઓર્ડરમાં સારી બેટિંગ કરી હતી, જેના કારણે ભારત 64 રનથી જીતવામાં સફળ રહ્યું હતું.

ઓપનર શેફાલી વર્મા અને કેપ્ટન હરમનપ્રીત કૌર સહિત બાકીના બેટ્સમેન અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા. ભારતી ફુલમાલી મિડલ ઓર્ડરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ તે પહેલી મેચમાં પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહી. ભારતને ટુર્નામેન્ટમાં વધુ મુશ્કેલ મેચોનો સામનો કરવો પડશે, તેથી તેની બેટિંગમાં સાતત્ય ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતને નેધરલેન્ડ્સ તરફથી કોઈ મોટા પડકારનો સામનો કરવો પડે તેવી શક્યતા નથી, પરંતુ સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવવા માટે લીગ તબક્કામાં ઓસ્ટ્રેલિયા અથવા દક્ષિણ આફ્રિકામાંથી કોઈ એકને હરાવવું પડશે.

પાકિસ્તાન સામે બોલિંગ વિભાગમાં, ઝડપી બોલરો અરુંધતી રેડ્ડી અને ક્રાંતિ ગૌડ સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા. જોકે, સ્પિનરોએ સારું પ્રદર્શન કર્યું. દીપ્તિ શર્મા અને શ્રી ચારણીની સ્પિન જોડીએ મળીને આઠ વિકેટ લીધી. દીભારત માટે દીપ્તિ ફોર્મમાં પાછી આવે તે ખૂબ જ મહત્વપૂર્ણ હતું કારણ કે તેણીએ પાછલી બે શ્રેણીમાં સારું પ્રદર્શન કર્યું ન હતું. નેધરલેન્ડ્સે પોતાની શરૂઆતની મેચ બાંગ્લાદેશ સામે હારી ગઈ હતી અને ભારતને પડકારવા માટે તેણે તમામ વિભાગોમાં સુધારો કરવો પડશે.

મેક્સીના ગોલથી ઉરુગ્વેએ સાઉદી અરેબિયા સામેની મેચ ડ્રો કરી

સાઉદી અરેબિયાના ગોલકીપર અલ ઓવેસે ઉરુગ્વેના ખેલાડીઓના ઘણા પ્રયાસોને બચાવ્યા

મિયામી ગાર્ડન્સ, 16 જૂન (એપી) : ફિફા વર્લ્ડકપમાં સોમવારે મોડી રાત્રે અહીં રમાયેલી એક મેચમાં સાઉદી અરેબિયાએ મર્યાદિત બોલ નિયંત્રણ રાખીને સરસાઇ લીધા પછી ઉરુગ્વેએ મેક્સી અરાઉજોના મોડા ગોલની મદદથી મેચ 1-1થી ડ્રો કરી હતી. સાઉદી અરેબિયા માટે અબ્દુલ્લાહ અલ આમરીએ 41મી મિનિટે રિબાઉન્ડથી ગોલ કર્યો, જ્યારે ઉરુગ્વેના મેક્સીએ 80મી મિનિટે બરાબરી કરતો ગોલ કર્યો હતો.

બીજા હાફના મોટાભાગના સમય દરમિયાન ઉરુગ્વેએ ગોલ પર કબજો જાળવી રાખ્યો હતો, પરંતુ સાઉદી અરેબિયાના ડિફેન્સે કેટલાક સારા બચાવ કર્યા હતા. અંતે, મેક્સીએ ગોલકીપર મોહમ્મદ અલ-ઓવૈસને છકવીને રિબાઉન્ડમાં ગોલ કર્યો હતો. લા સેલેસ્ટે (ઉરુગ્વે) એ બોલ પર વધુ સારો કબજો જાળવી રાખ્યો.

અલ આમ્રીએ સાઉદી અરેબિયાને લીડ અપાવીને ઉરુગ્વેના ચાહકોને આઘાત આપ્યો હતો. શરૂઆતમાં ઉરુગ્વેના ફર્નાન્ડો મુસ્લેરાએ તેના શોટને બ્લોક કર્યો હતો. જોકે, મુસ્લેરાએ બોલ પરનો કાબુ ગુમાવી દેતા અલ આમરીએ ચપળતાથી રિબાઉન્ડ પર ગોલ કરીને પોતાની ટીમને સરસાઇ અપાવી હતી. સાઉદી અરેબિયાએ ચાર વર્ષ પહેલાં લિયોનલ મેસીની આર્જેન્ટિનાને 2-1થી હરાવીને વર્લ્ડ કપમાં પોતાનો સૌથી મોટો વિજય મેળવ્યો હતો અને ફરી એકવાર અહીં બીજી દક્ષિણ અમેરિકન ટીમને હરાવવાની સ્થિતિમાં આવી ગયું હતું.

ઉરુગ્વે પાસે ગોલ કરવાની ઘણી તકો હતી. અલ ઓવૈસે પહેલા હાફમાં ફેડેરિકો વિનાસના હેડરને નજીકથી રોક્યો.

ત્યારબાદ તેણે 61મી મિનિટમાં મેન્યુઅલ ઉગાર્ટે અને સ્ટોપેજ સમયમાં ફેડેરિકો વાલ્વર્ડેના પ્રયાસોને બચાવ્યા. ફિફા પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનો, મિયામી હીટ સ્ટાર બામ અદેબાયો, ભૂતપૂર્વ NFL સ્ટાર ચાડ ઓચોસિન્કો અને ઉરુગ્વેના સ્ટાર ફૂટબોલર લુઈસ સુઆરેઝ પણ મેચ જોવા માટે પહોંચ્યા હતા.

સુડોકુ

૨	૬	૧	૯	૭				
	૮	૭	૪				૫	૨
૪	૫	૩	૨			૭		
૩	૧		૫	૨	૯	૪	૭	
૭	૪	૨	૮	૬	૩		૧	૫
૬		૫	૧		૭			
૮		૯	૭		૪	૬	૩	
૫	૭	૬	૩					૪
	૩				૨		૮	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

કુલીનજન

અલ્પિનિયા ની ભૂમિગત ગાંઠ સ્વાદે તીખી છે. એનું ચૂર્ણ મધ સાથે બાળક ને ચટાડવામાં આવે છે. બાળકની વાણી સરળ સ્પષ્ટ બને છે. ટુકડો મોંમાં રાખી ચૂસવા થી ગળું બેઠું હોય તો ખુલી જાય છે.

આજનું પંચાંગ

તા. 17/06/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: સુદ: તીજ: 21:40
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 27
યોગ : ધ્રુવ **કરણ:** તૈતિલ
નક્ષત્ર : પુનર્વસુ: 13:38
રાશિ: મિથુન: (ક.છ.ઘ.) 08:15 પછી કર્ક (ડ,હ)
દિવસ : મિશ્ર, રંભાવ્રત મહારાણા પ્રતાપ જયંતી, મેળા હલ્દીઘાટ, હિજરી સન: 1448 પ્રારંભ
સુરતમાં સૂર્યોદય : 05:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:20
નવકારસી : 06:47
પારસી વર્ષ : 1395 બહમન માસનો 07મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો પ્રથમ રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે:- 12:00 થી 13:30 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નોકરી-ધંધા- વ્યવસાયમાં નવા ફેરફાર અને ટેકનોલોજીના કારણે અનુકુળતા વધશે. આવક વધે.

વૃષભ (બ,વ,ઉ,): શિક્ષણ પરીક્ષા, કોમ્પ્યુટર, ઈન્ટરવ્યુ વગેરેના કામ સફળ રહે. આત્મવિશ્વાસ વધશે. પ્રવાસ થાય.

મિથુન (ક,છ,ઘ,): આવક વધે. પારીવારિક અને વારસાગત ધંધામાં નવી તક ઊભી થાય. ઉઘરાણી આવી. નવી બચત યોજના બને.

કર્ક (ડ,હ,): શુભ સમાચાર મળે. સમાજ જાહેર જીવનમાં યસ મળે. નોકરીમાં પ્રભાવ વધે. આરોગ્ય સુધરે. પ્રવાસ થાય.

સિંહ (મ,ટ,): ધાર્મિક પ્રસંગમાં સતસંગનો લાભ મળે. વિદેશનો કામ પાર પડશે. કોર્ટ, કચેરીમાં અનુકુળતા વધશે.

કન્યા (પ,ઠ,ણ,): વિદ્યાર્થીઓને શુભ સમાચાર ઉત્સાહીત કરશે. શેરબજારમાં લાભ થાય. મિત્રો સાથે મનોરંજન થાય.

તુલા (ર,ત,): આવક વધારવાની યોજનામાં વડીલો, મિત્રોનો સાથ મળે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થાય. ધંધામાં આવક.

વૃશ્ચિક (ન,ય,): લેખન, પ્રકાશન, મુદ્રા, શિક્ષણ, આયાત-નિકાસ વિદેશ પ્રવાસ, કાયદા કાનૂનને લગતા કામમાં પ્રગતિ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): અધ્યાત્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. ઉઘરાણી આવે. સરકારી યોજનાનો લાભ મળે. વીલ-વારસામાં પ્રગતિ થાય.

મકર (ખ,જ,): રોજની આવક વધે. રોજના કામમાં મદદ મળે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. ઊંમરલાયકના વિવાહ થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. ઉપરી વર્ગનો સાથ મળે. હરીફોની પીછેહઠ થાય. ખર્ચા વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. સંતાનોના કામ પાર પડે. શેર બજારમાં લાભ થાય. પરીક્ષામાં સફળતા મળે.

કોઈ પણ સાલમાં 17 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં નવી તક, પ્રમોશન કે પગાર વધારાનો લાભ મળે. ધંધા-વેપારમાં નવી યોજનાથી આવક વધે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. આર્થિક પ્રગતિ, ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. કાયદાકીય પ્રશ્નો હલ થાય. સંતાનોના કેરિયર- શિક્ષણમાં પ્રગતિથી ઉત્સાહ વધશે. ઉંમર લાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહની યોજનામાં સફળતા મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો વડીલોનો સાથ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. વિદેશ પ્રવાસ, વિદેશમાં વિદ્યાભ્યાસ, આયાત-નિકાસ જેવા કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. ડીસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર શનિવાર, 08,17, 26 તારીખે નવા કામ કરવો. કાળ, નીલા રંગનો ઉપયોગ કરવો. માર્ચ-એપ્રિલ, બુધવાર, 07,16,25 તારીખે નવા કામ ટાળવાં. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારનો ઉપાય કરતા રહેવું.

અનુસંધાન ... પાના પહેલાનું

દિલ્હીમાં પાકિસ્તાન...

ઉંમર 26થી 38 વર્ષની વચ્ચે છે અને તેમાંથી કેટલાંક શખ્સો હત્યા, લૂંટ અને શસ્ત્ર કાયદા જેવા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસ ઓપરેશન દરમિયાન 5 અત્યાધુનિક પિસ્તોલ, 41 જીવતા કારતૂસ, પાકિસ્તાની આકાઓ સાથેની શંકાસ્પદ ચેટ ધરાવતા 7 મોબાઈલ ફોન અને એક મોટી ગાડી જપ્ત કરવામાં આવી છે. પોલીસને મે મહિનામાં ગુપ્ત માહિતી મળી હતી કે સોશિયલ મીડિયા દ્વારા યુવાનોની ભરતી કરીને દિલ્હીમાં હુમલાનું કાવતરું ઘડાઈ રહ્યું છે, જેના આધારે જાળ બિછાવીને આ ધરપકડ કરાઈ હતી. આરોપીઓએ પૂછપરછમાં કબૂલ્યું છે કે તેઓ સંવેદનશીલ સ્થળોની વીડિયોગ્રાફી કરીને પાકિસ્તાન મોકલતા હતા. આ ટોળકી પૈસા અને વૈભવી જીવનની લાલચ આપીને યુવાનોને ફસાવતી હતી અને પકડાઈ જવાથી બચવા માટે એન્ક્રિપ્ટેડ એપ્લિકેશન્સ, હવાલા ચેનલો અને અનામી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનો ઉપયોગ કરતી હતી. આંતરરાષ્ટ્રીય સરહદ પારના આ સમગ્ર કાવતરાના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ હાલમાં વધુ તપાસ ચલાવી રહી છે.

દેશના મહત્વના...

આખરી રિપોર્ટ તેમજ ગૃહ મંત્રાલયની મંજૂરી બાદ જ નક્કી થશે કે કયા સ્થળે કઈ સિસ્ટમ તૈનાત કરવી. ઉલ્લેખનીય છે કે મે 2025માં 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પણ ભારતીય વાયુસેનાના રડાર અને એર ડિફેન્સ સિસ્ટમે પાકિસ્તાનના ડ્રોન અને ફાઈટર જેટ્સને હવામાં જ તોડી પાડ્યા હતા.

હવે પ્રિસ્ક્રિપ્શન...

ડિસેમ્બરમાં હિતધારકો પાસેથી વાંધાઓ અને સૂચનો માંગતું ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. નિવેદનમાં જણાવ્યા અનુસાર, સિરપ દવાઓની નિયમનકારી દેખરેખને મજબૂત કરવા અને મુક્તિના માળખાને સમકાલીન જાહેર આરોગ્ય અને સુરક્ષા જરૂરિયાતો સાથે સુસંગત કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. તાજેતરના વર્ષોમાં કેટલાક દેશોમાં દૂષિત કફ સિરપના કારણે બાળકોના મોતના અહેવાલો બાદ કફ સિરપ અને અન્ય પ્રવાહી દવાઓની વધેલી નિયમનકારી તપાસની પશ્ચાદભૂમાં આ નિર્ણય લેવાયો છે.

૧૬ મહિનામાં...

વોશિંગ્ટન દ્વારા ભારત પર દંડાત્મક ટેરિફ લાદવામાં આવ્યા બાદ અને ગયા મે મહિનામાં ભારત-પાકિસ્તાન વચ્ચેના સૈન્ય સંઘર્ષને શાંત કરવામાં પોતાની ભૂમિકા અંગે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કરેલા વિવાદાસ્પદ દાવાઓ પછી બંને દેશોના સંબંધોમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકાની નવી ઇમિગ્રેશન નીતિ અને H1B વિઝા ફીમાં વધારો કરવાના તેના નિર્ણયે પણ ભારત-અમેરિકાના સંબંધોમાં ખટાશ લાવવામાં ભાગ ભજવ્યો હતો.

સરકારના આદેશ...

કરતી વખતે નિયંત્રણોનો સામનો કરી શકે છે. સૂત્રોએ પીટીઆઇને જણાવ્યું હતું કે સરકાર ટેલિગ્રામ સાથે મેસેજ એડિટિંગ ફીચરને 30 જૂન સુધી અસ્થાયી રૂપે બંધ કરવા માટે ચર્ચા કરી રહી છે.

NEET ફેર...

એક નિર્દેશ જાહેર કર્યો છે, જે અંતર્ગત નીટ-યુજી (NEET-UG) 2026ની પુનઃપરીક્ષાના દિવસ અને તેના તુરંત પછીના સમયગાળાને આવરી લેતી 22 જૂન, 2026 ના રોજ સમાપ્ત થતી એક નિશ્ચિત અને મર્યાદિત અવધિ માટે ભારતમાં ટેલિગ્રામ પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એક અલગ નિર્દેશમાં ટેલિગ્રામને ભારતમાં પહેલેથી જ પોસ્ટ કરાયેલા મેસેજીસ માટે 'મેસેજ-એડિટિંગ'ની સુવિધા 30 જૂન સુધી નિષ્ક્રિય કરવા માટે કહેવામાં આવ્યું છે. એનટીએ(NTA) એ એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ પગલું પ્લેટફોર્મની એ ચોક્કસ માળખાકીય સુવિધાને નિયંત્રિત કરવા માટે લેવાયું છે, જેનો ઉપયોગ રાષ્ટ્રીય પરીક્ષાઓના સંદર્ભમાં ઘટના પછી પેપર લીકના ખોટા પુરાવા ઊભા કરવા માટે કરવામાં આવ્યો છે.

દિલ્હી ડાયરી...

સુધી પહોંચાડવામાં અસમર્થ છે. હાઈકમાન્ડ તેમની ફરિયાદો તરફ ધ્યાન આપશે તેવી આશા સાથે, વરિષ્ઠ પીસીસી નેતાઓના એક મોટા જૂથે કરા અને હુસૈન વિરુદ્ધ જાહેર રેલીઓ યોજવાનું શરૂ કરી દીધું છે.

ભૂતપૂર્વ પીસીસી પ્રમુખ વિકાર રસૂલ વાણી (જેઓ કોંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્ય પણ છે), જેમને ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પૂર્વે ગાંધી પરિવારના મનપસંદ કરાની નિમણૂક કરવા માટે અચાનક પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા, તેઓ આ વિરોધનું નેતૃત્વ કરી રહ્યા છે. આ નેતાઓ હવે કોંગ્રેસ હાઇકમાન્ડનું ધ્યાન આકર્ષિત કરવા માટે દિલ્હી તરફ કૂચ કરવાની યોજના બનાવી રહ્યા છે, જે અત્યાર સુધી આ બાબતથી મોં ફેરવીને બેઠું છે.

મધ્ય પ્રદેશમાં રાજ્યસભા બેઠક માટે કોંગ્રેસના દિગ્ગજો વચ્ચે ખેંચતાણ

રાજ્યસભાની ૨૬ ખાલી બેઠકો માટે ૧૮ જૂનના રોજ ચૂંટણી યોજાવાની છે. મધ્ય પ્રદેશમાંથી ત્રણ બેઠકો ખાલી થઈ રહી છે, જેમાંથી બે બેઠકો ભાજપને અને એક બેઠક કોંગ્રેસને મળવાની આશા છે.

કોંગ્રેસની આ બેઠક હાલમાં વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ પાસે છે, જેમની મુદત પૂરી થઈ રહી છે. રાજ્યસભામાં બે ટર્મ સેવા આપી ચૂક્યા હોવાથી તેમણે કથિત રીતે આ વખતે દાવો ન કરવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સિંહ ઇચ્છે છે કે પાર્ટી હાઇકમાન્ડ તેમના સ્થાને તેમની પત્રકાર પત્ની અંજલિ રાય ઉર્ફે સિંહને ઉચ્ચ સદનમાં નામાંકન આપીને પુરસ્કૃત કરે.

બીજી તરફ, રાજ્યના અન્ય એક દિગ્ગજ કોંગ્રેસી નેતા કમલનાથે પણ આ બેઠક માટે પોતાનો દાવો રજૂ કર્યો છે. તેમણે કથિત રીતે એવો સંદેશો આપ્યો છે કે, જો પાર્ટી તેમને રાજ્યસભામાં મોકલવા ન માંગતી હોય તો તેના બદલે તેમના પુત્ર નકુલ નાથને ઉમેદવાર બનાવવો જોઈએ.

શિવસેના શિંદે...

બળવાખોર સાંસદો પૈકી માત્ર 4 સાંસદો પ્રત્યક્ષ અને 1 ઓનલાઈન હાજર રહ્યા હતા, જ્યારે 4 સાંસદો ગેરહાજર હતા. શિવસેનાના નેતા અને રાજ્યના પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે આ બગાવતની અટકળો વચ્ચે સંકેત આપતા કહ્યું છે કે, જો કોઈ પણ સાંસદો કે વિધાયકો સેનાના સ્થાપક બાળ ઠાકરેના આદર્શો તેમજ એકનાથ શિંદેના નેતૃત્વમાં વિશ્વાસ રાખવા માગતા હોય, તો શિવસેનાના દરવાજા તેમના માટે ખુલ્લા છે. ઉલ્લેખનીય છે કે 4 વર્ષ પહેલાં 20 જૂન 2022ના રોજ એકનાથ શિંદે 40 વિધાયકો સાથે અલગ થયા હતા, જેના પગલે ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું હતું અને ત્યારબાદ 30 જૂન, 2022ના રોજ શિંદે ભાજપના સમર્થનથી મુખ્યમંત્રી બન્યા હતા. બાદમાં 10 જાન્યુઆરી 2023 ના રોજ સ્પીકરે શિંદે જૂથને જ અસલી શિવસેના ગણાવી હતી અને ચૂંટણી પંચે પક્ષનું પ્રતીક પણ તેમને સોંપ્યું હતું.

સંજય રાઉત લોકસભા સ્પીકરને મળવા દિલ્હી ગયા હોવાની ચર્ચા

ઉદ્ધવ જૂથના 9 સાંસદો અલગ જૂથ ન બનાવી લે તે માટે સંજય રાઉત લોકસભા સ્પીકર ઓમ બિરલાને મળવા દિલ્હી ગયા હોવાની ચર્ચા જાગી હતી, પરંતુ સંજય રાઉત અને સાંસદ અનિલ દેસાઈએ આ વાતને નકારી કાઢી છે. સંજય રાઉતે ભાજપ પર પક્ષો તોડવાનો આરોપ લગાવતા કહ્યું કે આવી પ્રથા દેશના રાજકીય સ્વાસ્થ્ય માટે ખરાબ છે. સંજય રાઉતે શિંદે જૂથના તમામ દાવાઓને ફગાવી દીધા અને કહ્યું કે પક્ષના તમામ સાંસદો એકજૂથ છે અને તૂટવાના સમાચાર તદ્દન ખોટા છે. તેમણે ઉમેર્યું કે થોડા દિવસો પહેલાં જ તમામ સાંસદોએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ પર અડગ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.